આકાશવાણી -ભુજ

સમાચાર વાચક: જાગૃતિ વકીલ

કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

તારીખ:૨૧-૦૭-૨૦૨૩ રવિવાર સમય: સાંજે : ૬:૨૫

## સંસદ સર્વ પક્ષીય બેઠક : અંદાજપત્ર

સંસદના અંદાજપત્ર સત્ર પહેલા સરકારે આજે નવી દિલ્હી ખાતે સર્વપક્ષીય બેઠક યોજી છે જેમાં સરકાર સંસદના બંને ગૃહમાં યોગ્ય સંચાલન સુનિશ્ચિત કરવા માટે રાજકીય દળો પાસેથી સહકાર માગશે. આ બેઠકમાં સતા અને વિપક્ષ ના બને સદન ના ફ્લોર લીડર્સ ઉપસ્થિત રહ્યા છે. સંસદનું અંદાજપત્ર સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે અને કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન મંગળવારે લોકસભામાં વર્ષ 2024-25 માટેનું કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કરશે. નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળનું આ પહેલું અંદાજપત્ર હશે. ગયા મહિને સંસદના બંને ગૃહની સંયુક્ત બેઠકને સંબોધિત કરતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ભારપૂર્વક કહ્યું હતું કે, અંદાજપત્ર સરકારની દૂરોગામી અને ભવિષ્યના દ્રષ્ટિકોણનો એક અસરકારક દસ્તાવેજ છે. આ સત્રમાં સરકાર છ નવા વિધેયક પણ રજૂ કરી શકે છે.

RNU AHMDABAD

---

## PM : વિશ્વ ધરોહર સમિતિ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે 7 વાગ્યે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વિશ્વ ધરોહર સમિતિના 46મા સત્રનું ઉદ્ઘાટન કરશે. તેમજ સભાને સંબોધિત કરશે. આ વર્ષે ભારત પ્રથમ વખત વિશ્વ ધરોહર સમિતિની બેઠકનું આયોજન કરી રહ્યું છે. આ બેઠક 31 જુલાઈ સુધી ચાલશે. વિશ્વ ધરોહર સમિતિ વર્ષમાં એક વાર મળે છે અને તે તમામ વિશ્વ ધરોહર-સંબંધિત બાબતોનું સંચાલન કરે છે. અને વિશ્વ ધરોહર યાદીમાં સમાવિષ્ટ સ્થળો અંગે મહત્વપૂર્ણ નિર્ણયો લે છે.દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ ધરોહર સમિતિની બેઠકની યજમાની કરવાની તક ભારતને મળવા બદલ ખુશી વ્યક્ત કરી છે.

RNU AHMDABAD

---

## CM : રોડ ગ્રાન્ટ

રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે શહેરો , નગરોના રસ્તાઓને થયેલું નુકશાન દુરસ્ત કરવા નગરપાલિકાઓ પોતાનું આગોતરું આયોજન અત્યારથી જ હાથ ધરી શકે તેવા હેતુસર મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ૧૫૭ નગરપાલિકાઓમાં રસ્તાના રિપેરીંગ-રિસરફેસીંગની કામગીરી ચોમાસું પૂરું થયે વહેલી તકે શરૂ થઈ શકે અને નાગરિકોને ત્વરાએ સારા સુવિધા યુક્ત માર્ગો ઉપલબ્ધ બને તે માટે નગરપાલિકાઓની કેટેગરી મુજબ કુલ ૧૦૦ કરોડ રૂપિયા ફાળવવાની અનુમતિ આપી છે.

RNU AHMDABAD

---

## ગુરૂ પૂર્ણિમા ઉજવણી  કચ્છ

આજે અષાઢ સુદ પૂનમ એટલે ગુરુ પૂર્ણિમા નિમિત્તે રાજ્યભરમાં ગુરુ પૂજન ના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે કચ્છ અને વાગડ વિસ્તારના તમામ મંદિરો ખાતે ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી રહી છે  . જેમાં છ દાયકા થી ચાલી આવતા રાપર દરીયાસ્થાન મંદિર ખાતે ગુરુ ગાદી નું પુજન કરવામાં આવ્યું હતું. જેમાં સવારે ગાદી પુજન આરતી મહા પ્રસાદ સહિત ના ધાર્મિક કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાપર ભચાઉ ગાંધીધામ મુંબઈ અંજાર ભુજ મહારાષ્ટ્ર સહિત ના વિવિધ વિસ્તારોમાં થી ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા તો  ભચાઉ તાલુકાના કબરાઉ ગામ પાસે આવેલા પાંખડસર સ્થાનકના મહંત શ્રી ઉદાસીન આચાર્ય કૃષ્ણનંદજી મહારાજના સાનિધ્યમાં આજે ગુરુપૂર્ણ નિમિત્તે ખાસ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક પાસેના તળાવમાં લોકોએ કાચબાઓને પ્રસાદ અર્પણ કર્યો હતો.

NP/જાગૃતિ વકીલ

---

## દ્વારકા ચરસ

દ્વારકા જિલ્લા દરિયા કીનારેથી અગાઉ બિનવારસી ચરસ મળી આવ્યું હતું. આજે  મીઠાપુર પોલીસ સ્ટાફ તથા SRD સભ્યોની ટીમો મીઠાપુર વિસ્તારના મોજપ ગામના દરિયા કિનારા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન દરિયા કિનારેથી માદક પદાર્થ નાં 21 પેકટ, જેમાં 23,680 કિલો ચરસ બીનવારસી હાલતમાં મળી આવ્યો હતો. જેની બજાર કિંમત રૂપિયા 11 કરોડ 84 લાખ જેટલી થવા પામે છે. આ મુદ્દામાલ જપ્ત કરી પોલીસે તપાસ હાથ ધરી હતી.

NP/જાગૃતિ વકીલ

---

# ગાંધીધામ જળ સંરક્ષણ મેલો

પર્યાવરણનું સંતુલન ખોરવાતાં પાણીના સ્રોત સૂકાઈ રહ્યા છે તેવો મત જળ સરંક્ષણ મેળા માં વ્યક્ત કરાયો હતો. કચ્છની અગ્રણી વ્યાપાર ઉદ્યોગ સંસ્થા હંમેશાં વેપાર ઉદ્યોગના વિકાસની સાથો સાથ જનકલ્યાણ અને કોમ્યુનિટી વેલફેર માટે અગ્રેસર રહે છે, જેની શ્રૃંખલામાં ગાંધીધામ ચેમ્બર, સેપ્ટ યુનિવર્સિટી, નગરપાલિકા અને ગ્રામ પંચાયતોના સહયોગથી આયોજિત બે દિવસીય જળસંરક્ષણ મેળાનું આજે ચેમ્બર ભવન ખાતે ઉદ્ઘાટન કરાયું હતું.જેમાં ઉપસ્થિતતોએ વરસાદી પાણી ના સંગ્રહ માટેની પહેલને આવકાર આપયો હતો.

NP/જાગૃતિ વકીલ

---

# કૌશલ્ય યુનિવર્સીટી પ્રથમ

દેશના યુવાનોને વિવિધ ક્ષેત્રોમાં વિનામુલ્યે તાલીમ આપવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના અમલમાં મુકી છે. ત્યારે ગુજરાતમાં વર્ષ ૨૦૨૪થી કૌશલ્યા યુનિવર્સિટીમાં ડ્રોન ઉત્પાદનની નવી પહેલ કરવામાં આવી છે જે અંતર્ગત ગુજરાતની કૌશલ્યા યુનિવર્સિટી ડી. જી. સી. એ. દ્વારા ડ્રોન ઉત્પાદનનું ટાઈપ સર્ટિફિકેટ મેળવનાર દેશની પ્રથમ યુનિવર્સિટી બની. ખેડૂતમિત્રોને રૂ. ૧૨૦૦ના નજીવા દરથી ડ્રોન પાયલોટ તાલીમ આપવાનું આયોજન કરાયું છે. ૧૪ થી ૩૫ વર્ષની વયજૂથના યુવાનો આ મિશન હેઠળ તાલીમ મેળવી શકે છે. જેમાં ત્રણ મહિના, છ મહિના અને એક વર્ષ માટે તાલીમ માટે નોંધણી કરાવવાની હોય છે. આ કોર્ષ પૂર્ણ કર્યા બાદ તેમને પ્રમાણપત્ર આપવામાં આવે છે. જેના આધારે યુવાનો આ ક્ષેત્રે દેશમાં ગમે ત્યાં સરળતાથી રોજગાર મેળવી શકે છે.

માહિતી ખાતું

---